વિશાલ પટેલ

ભરૂચ જિલ્લાનાં 327 ગામમાં અંધારપટ

32 ઝાડ જમીનદોસ્ત, આસ્તા ગામમાં વીજળી પડતાં પશુઓ માટે સંગ્રહિત ઘાસચારો બળીને ખાખ

સોલાર પેનલો, ઇલાવ ગામમાં આવેલી આશ્રમ શાળાનાં પતરાં જોરદાર પવનના કારણે ઊડી ગયાં

સુરેશ ગાંધી

ભરૂચ: ભરૂચ જિલ્લામાં ગુરુવારે મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતાં મિની વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. અતિ તીવ્ર પવન અને વાવાઝોડાને કારણે દરિયાઈ પટ્ટી વિસ્તારમાં ભારે નુકસાન થયું છે. જિલ્લાના કુલ 327 ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં અંધારપટ છવાઈ ગયો હતો, જ્યારે 32 જેટલાં ઝાડો જમીનદોસ્ત થયાં છે. વાવાઝોડાની અસર ભરૂચ અને અંકલેશ્વર શહેર સહિત કુલ 10 ટાઉનમાં પણ જોવા મળી હતી. ડીજીવીસીએલની ટીમોએ મધરાત સુધીમાં મહેનત કરીને શહેરી વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કર્યો હતો. જિલ્લામાં 17 HT લાઈન અને 31 LT લાઈનને નુકસાન થયું હતું. શુક્રવાર સવાર સુધીમાં 321 ગામોમાં વીજ પુરવઠો શરૂ કરી દેવામાં આવ્યો હતો, જ્યારે 6 ગામમાં કામગીરી ચાલુ હતી.

વાગરામાં તોફાની પવનને કારણે સોલાર પેનલો તેના સ્ટ્રકચર સાથે ઉખડીને જમીન પર પડી હતી. શિલ્પી હોટલ પર લગાવેલી સોલાર પેનલ હવામાં ફંગોળાઈને નજીકના પેટ્રોલ પંપ પાસે ધડાકાભેર નીચે પડી હતી.

આ સમયે પેટ્રોલ પંપ પર વાહનોની અવરજવર હોવા છતાં કોઈ જાનહાનિ થઈ ન હતી, જે ચમત્કાર સમાન ગણાવાઈ રહ્યો છે. સાયખા જીઆઈડીસી ખાતે એમઆર ચોકડી પર લગાવવામાં આવેલું વિશાળ હોર્ડિંગ બોર્ડ પણ ધરાશાયી થઈ ગયું હતું, જેના કારણે રોડ પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. વાગરા તાલુકા પંચાયત કચેરી નજીક એક તોતિંગ વૃક્ષ પડતાં માર્ગ બંધ થયો હતો.

હાંસોટ તાલુકાના આસ્તા ગામમાં વીજળી પડતાં પશુઓ માટે સંગ્રહિત ઘાસચારો બળીને ખાક થઈ ગયો હતો, જેના કારણે પશુપાલકોને આર્થિક નુકસાન થયું છે. બીજી તરફ, ઈલાવ ગામમાં આવેલી આશ્રમ શાળાનાં પતરાં જોરદાર પવનના કારણે ઊડી ગયાં હતાં.

જેના કારણે શાળા મકાનને નુકસાન થયું છે. હાલ વહીવટી તંત્ર અને ડીજીવીસીએલની ટીમો નુકસાનનો જવાબ આપવા માટે સતત કામગીરી કરી રહી છે.

કામરેજમાં વાવાઝોડાને કારણે કેળાંના ઊભા પાકને ભારે નુકસાન

કામરેજ: કામરેજ તાલુકામાં વાવાઝોડાથી કેળાં, કેરી સહિતના પાકોને ભારે નુકસાન થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે. ગુરુવારે કામરેજ તાલુકામાં અનેક વિસ્તારોમાં ઝાડ પડવાના બનાવ બન્યા હતા, જેમાં પણ ખાસ કરીને કામરેજ-શામપુરા રોડ પર કોળી ભરથાણાથી નેત્રંગ ગામ સુધી અનેક ઝાડો ધરાશાયી થતાં વાહન ચાલકો દ્વારા રોડ પર જાતો ઝાડો હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. સાથે સાથે ભારે પવનના લઈને તાલુકામાં નદી કિનારાની આસપાસ આવેલાં તમામ ગામોમાં કેળના તૈયાર પાકને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. બીજી બાજુ ચાલી રહેલા યુદ્ધના લઈને કેળાના ભાવ પણ ગગડી જતાં ખેડૂતો પડેલા પર પાટુ જેવા હાલ જોવા મળી રહ્યા છે. રાજ્ય સરકાર ખેડૂતનો પાકનું યોગ્ય વળતર આપે એની રાહ જોઈને ખેડૂતો બેઠા છે. વધુમાં કેળા મંડળીના પ્રમુખ જગદીશ પટેલે જણાવ્યું હતું કે, આશરે 2000 એકરનું રોપાણ કરવામાં આવ્યું છે. હાલમાં કેળાંની સિઝનની શરૂઆત માર્ચથી લઈને જૂન સુધી થાય છે તેમાં પણ હાલમાં કેળાંની સિઝનની શરૂઆત થઈ છે ત્યારે ખેડૂતોની હાલક કફોડી થઈ છે. અંદાજે ખેડૂતોનું 40થી 50 ટકા જેટલું નુકસાન થયું છે.

હક માંગવો ભારે પડ્યો: પગાર અને રજા માંગતા શ્રમિકની હત્યા

તડકેશ્વરની દુર્ગા ઇન્ફ્રામાઇનિંગ પ્રા. લિ.ની કેન્ટિનમાં બનેલી ઘટના

હિતેશ પટેલ

માંડવી: માંડવીના તડકેશ્વર ગામે જી.એમ.ડી.સી. વિસ્તારમાં આવેલી એક કંપનીની કેન્ટિનમાં કામ કરતા શ્રમજીવીએ પોતાના શેઠ પાસે પગાર અને રજાની માંગણી કરતાં ઉશ્કેરાયેલા શેઠે તેને લાકડી અને લોખંડના સળિયા વડે ઢોર માર મારી મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે. સારવાર દરમિયાન યુવાનનું મોત નીપજતાં પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

પ્રાપ્ત વિગતો મુજબ તડકેશ્વરની દુર્ગા ઇન્ફ્રામાઇનિંગ પ્રા.લિ.ની કેન્ટિનમાં વિક્કી દૌલતરામ ચૌહાણ (ઉ.વ.૩૪) નામનો યુવાન કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. ગત તા.17 માર્ચે રાત્રે વિક્કીએ પોતાના શેઠ માનાભાઈ ભીખાભાઈ મહેતા પાસે પોતાના હકના બાકી નીકળતા પગાર અને થોડા દિવસની રજાની માંગણી કરી હતી. જો કે, આ બાબતે શેઠ માનાભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને વિક્કી સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. જોતજોતામાં મામલો બીચક્યો હતો અને શેઠે નજીકમાં પડેલી લાકડી અને લોખંડના સળિયા જેવાં હથિયારો વડે વિક્કી પર હિચકારો હુમલો કરતાં વિક્કી લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા વિક્કીને તાત્કાલિક સારવાર અર્થે કડોદરા સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. કામદારની હત્યાને પગલે શ્રમજીવીઓમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે. આ બનાવ અંગે મરનારના પરિવારજનોની ફરિયાદના આધારે માંડવી પોલીસે આરોપી માનાભાઈ મહેતા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હત્યા બાદ ફરાર થઈ ગયેલા આરોપી શેઠને ઝડપી પાડવા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી.

કામરેજના આધેડ સાથે રૂ.50 લાખની છેતરપિંડી

વોટ્સએપ પર 'હેલ્લો' મેસેજથી શરૂ થયેલી વાતચીતે રમેશભાઈને પાયમાલ કર્યા

કામરેજ: મૂળ મહેસાણાના શંખલપુર ગામના વતની અને હાલ કામરેજના નવાગામ ખાતે દાદા ભગવાન કોમ્પ્લેક્સમાં જી-606માં રમેશ બબલદાસ પટેલ રહે છે. ગત તા.18-6-25ના રોજ અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં હેલ્લો મેસેજ આવતાં રમેશભાઈએ તમે કોણ છો તેમ પૂછતાં અનિતા પટેલ શીલપુરીથી બોલું છું, બાદમાં બધી પૂછપરછ કરી મેસેજથી વાત કરી હતી.

બાદ થોડા દિવસ બાદ બીજા અજાણ્યા નંબરથી ફરી મેસેજ આવ્યો હતો અને ત્રીજા અજાણ્યા નંબર પણ મેસેજ આવ્યો હતો. બાદ અનિતા પટેલે હું મેસેજ કરી ફોરેક્ષ ટ્રેડિંગનું કરું છું. સારો નફો મેળવું છું. જો તમારે કરવું હોય તો થોડા પૈસાથી શરૂઆત કરો, સારો નફો મળશે તેમ કહેતાં વિશ્વાસ આવતાં હા પાડતાં લિંક મોકલતાં એક એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવી એકાઉન્ટ ખોલાવી રૂપિયા માટે સ્કેનર મોકલાવતાં રૂ.10000 નાંખ્યા હતા.

એપ્લિકેશનમાં રૂ.3500 નફો બતાવ્યો હતો. બાદ અનન્યા શર્માએ વોટસઅપ પર લિંક મોકલી ફોરેક્ષ ટ્રેડિંગ માટે એક ઈન્સ્ટોલ કરાવી હતી. તેમાં પણ રૂ.10000 નાંખતાં 3200 નફો બતાવતો હતો. બાદ અનિતા પટેલે મેસેજ કરી ચીફ એકાઉન્ટ પિટર પાઉલ છે તે હવે ટ્રેડિંગ કરાવશે તેમ કહીને પિટર પાઉલે મેસેજ કરીને જણાવ્યું કે ક્રિપ્ટો કરન્સી માટે લિંક મોકલી એકાઉન્ટ ખોલાવ્યું હતું, જેમાં નફાના 30 ટકા આપવાના જે ટ્રેડિંગ ખાતામાંથી ઉપાડી નહીં શકાય. જે બીજી સગવડ કરીને આપવાના રહેશે. તેમ કહીને અનિતા પેટલ, પિટર પાઉલ અને અનન્યા શર્માએ ટ્રેડિંગ કરાવવા માટે રમેશભાઈના ખાતામાંથી કુલ રૂ.50,40,800 ટ્રાન્સફર કરાવી નફો તેમજ મૂડી પરત નહીં કરી છેતરપિંડી કરતાં કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

અંકલેશ્વર GIDCમાં રૂ.10 લાખની ચોરીમાં વધુ એક ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી ઓફિસના ગેટ નજીક 4 મહિના અગાઉ કારમાંથી રૂ.10 લાખ ભરેલી બેગની ચોરીના ગુનામાં પોલીસે વધુ એકને ઝડપી પાડ્યો છે. જીઆઈડીસીમાં આવેલી જલદર્શન સોસાયટીમાં રહેતા અને કોસમડી સ્થિત સરગમ રેસિડેન્સીમાં આવેલી શક્તિ એન્ટરપ્રાઈઝમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતાં ધવલ ભટ્ટ ૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પ્રતિન ચોકડી વિસ્તારના સિલ્વર પ્લાઝામાં આવેલી આર.કે. આંગઢીયા પેઢીમાંથી રૂ.10 લાખ લઈ પોતાની કાર દ્વારા ઓફિસ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન જીઆઈડીસી ઓફિસના ગેટ નજીક બાઈકસવાર ત્રણ અજાણ્યા ઈસમે અકસ્માત થયાનું કહી તેમની સાથે બોલાચાલી કરી હતી. આ દરમિયાન આરોપીઓએ તકનો લાભ લઈ કારની ડ્રાઈવર સીટ પાસે મુકેલી રૂપિયા ભરેલ બેગની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં અગાઉ બે આરોપી ઝડપાઈ ચૂક્યા હતા. જ્યારે બનાસકાંઠાના ખેડાભાખર ગામે રહેતા ચંદનકુમાર પહાડજી ઘાડિયાને પણ ઝડપી લેવામાં આવ્યો છે.

દસ્તાનમાં વાવાઝોડાને કારણે વૃક્ષ ધરાશાયી, વાહન વ્યવહાર ખોરવાયો

પલસાણા: પલસાણાના દસ્તાન ગામ પાસે ભારે વાવાઝોડાને કારણે માર્ગ પર વિશાળ વૃક્ષ ધરાશાયી થતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો. રસ્તા પર વૃક્ષ પડવાથી વાહનોની લાંબી કતારો લાગી હતી અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. સ્થાનિકો અને તંત્ર દ્વારા વૃક્ષ હટાવવાની કામગીરી હાથ ધરી રસ્તો પુનઃ કાર્યરત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

કીમની વિદ્યાદીપ યુનિવર્સિટીમાં શિવ તાંડવ કાર્યક્રમ વેળા વાવાઝોડાનું તાંડવ

કિરણ ઢોરિયા

કીમ: કીમ પંથકમાં મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. કીમ ગામે ધીમી ગતિએ વરસાદ શરૂ થયો હતો અને સાથે જ તોફાની પવન સાથે વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ જ વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો. આ દરમિયાન વિદ્યાદીપ યુનિવર્સિટી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્ટેજ પર વિદ્યાર્થીઓ દ્વારા "શિવ તાંડવ"ની શરૂઆત ચાલી રહી હતી, ત્યારે જ અચાનક તોફાની પવન સાથે વાવાઝોડું ત્રાટકતાં કાર્યક્રમમાં ભંગ પડ્યો હતો. ભારે પવનને કારણે સ્ટેજ અને અન્ય વ્યવસ્થાઓને નુકસાન થવાની શક્યતા ઊભી થતાં આયોજકો દ્વારા તાત્કાલિક કાર્યક્રમ રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. ઉપરાંત નાસ્તા-પાણી માટે ઉભા કરવામાં આવેલા સ્ટોલ અને મંડપો પણ પવનના ઝાટકાથી ઊડી ગયા હતા. આયોજકો દ્વારા વિદ્યાર્થીઓ અને હાજર લોકોની સલામતીને પ્રાથમિકતા આપતા તમામને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

નેત્રંગ તા.પં.માં વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી ડો.પંકજ વલવાઈની નિમણૂક

નેત્રંગ: નેત્રંગ તાલુકા પંચાયતમાં ચુંટાયેલા પ્રમુખ અને સભ્યોની મુદત તા.૧૭ માર્ચ-૨૦૨૬ના રોજ પૂર્ણ થતા રાજ્ય સરકાર દ્વારા વહીવટદાર તરીકે નાયબ કલેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. નેત્રંગ તાલુકા પંચાયતમાં અગાઉ તા.૧-૮-૨૫થી ઈનચાર્જ ટીડીઓ તરીકે તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી) યોગેશ પવાર તથા વાલિયા તાલુકા પંચાયતના ટીડીઓ રાવે કામગીરી સંભાળી હતી. આ વહીવટી પ્રક્રિયા બાદ, હવે ચુંટાયેલી પાંખની મુદત પૂરી થતા ઝઘડિયાના પ્રાંત અધિકારી ડો.પંકજ વલવાઈને વહીવટદાર તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. નવી ચૂંટણીઓ યોજાય અને નવા જનપ્રતિનિધિઓ વિધિવત રીતે કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી નેત્રંગ તાલુકા પંચાયત પર વહીવટદારનું શાસન રહેશે.

અંકલેશ્વરમાં આયુષ્માન ભારત યોજનાનાં કાર્ડનો ઢગલો મળ્યો

ભરૂચ: અંકલેશ્વરમાં આયુષ્માન ભારત યોજના હેઠળના હજારો કાર્ડ કચરામાં ફેંકી દેવાનો ગંભીર બનાવ હાલમાં સામે આવ્યો છે. આ કાર્ડ સુરત જિલ્લાના લાભાર્થીઓના હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે. અંકલેશ્વરના અંસાર માર્કેટ નજીક કચરામાં આ કાર્ડનો ઢગલો મળી આવતાં સ્થાનિક વહીવટી તંત્રમાં સ્તબ્ધ થઈ ગયું છે. આ ઘટનાને પગલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના મહામંત્રી સંદીપ માંગરોલાએ મુખ્યમંત્રીને પત્ર લખીને ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.

તેઓએ લેખિત પત્રમાં જણાવ્યું છે કે, "એક તરફ નાગરિકોને આ કાર્ડ મેળવવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે, તો બીજી તરફ તૈયાર કાર્ડ આ રીતે કચરામાં ફેંકી દેવામાં આવ્યાં છે. આરોગ્ય માટે મહત્ત્વના ગણાતા આયુષ્યમાન કાર્ડ જે નાગરિક મેળવવા માટે દર દર ભટકવું પડે છે, ત્યારે આજે આવા કાર્ડ અચાનક અંસાર માર્કેટમાં મળી આવતાં સમગ્ર ઘટનાને ગંભીરતા લેવાની જરૂર છે.

પત્રમાં જણાવ્યું છે કે, અંકલેશ્વર તાલુકા આરોગ્ય વિભાગે આ કાર્ડ જપ્ત કરી પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી છે. જેથી માંગ છે કે, કોઈ હોસ્પિટલ કે ત્રીજા પક્ષનો દુરુપયોગ કે ગેરકાયદે પ્રવૃત્તિમાં કોની સંડોવણી છે. કાર્ડ કેવા સંજોગોમાં કચરામાં ફેંકવામાં આવ્યાં એનું કારણ જાણવું જોઈએ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ.

ઝનોર પાસે નર્મદા તટે બે મગર દેખાતાં ભયનો માહોલ

ભરૂચ: ભરૂચ નજીક ઝનોર ગામ નજીક નદીના કિનારે એકસાથે બે મગર જોવા મળતાં ભારે કુતૂહલ મચી ગયું છે. આ મગરો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેના કારણે સ્થાનિક માછીમારો અને ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે.

નદી કિનારે ફરવા ગયેલા કેટલાક નાવિક યુવકોએ આ મગરોને પાણીના કિનારે શાંતિથી બેઠેલા જોવા મળ્યા હતા. તેમણે આ દૃશ્યને પોતાના મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયા પર મૂકતાં જ ઝડપથી વાઈરલ થયો હતો. વાયરલ થયેલા વિડીયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બંને મગર નદીના કિનારે આરામની સ્થિતિમાં હતા. બોટના અવાજથી તેઓ નદીમાં ઊતરી ગયા હતા.

આ ઘટનાને કારણે સ્થાનિક લોકોમાં ભય અને આશ્ચર્ય ફેલાયું છે. ખાસ કરીને નદીમાં રોજિંદી માછીમારી કરતા માછીમારો માટે આ ચિંતાનો વિષય બન્યો છે. મગરોની હાજરીને કારણે માછીમારો નદીમાં ઊતરતા પહેલા સાવચેતી રાખી રહ્યા છે, જ્યારે કેટલાક માછીમારોએ હાલ પૂરતું નદીમાં જવાનું ટાળ્યું છે. ગ્રામજનોમાં પણ ભયનો માહોલ સર્જાયો છે. કિનારા નજીક મગરો જોવા મળતાં માનવી પર હુમલો કરવાની શક્યતા અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. સ્થાનિકોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરીને મગરોને સલામત રીતે દૂર ખસેડવા અથવા યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અને તાલુકો માંગરોલના મોજે નાનીપારડીના બ્લોક નં.૭૪, ખાતા નં.૧૬૨, સર્વે નંબર ૫૫/૨, થી નોંધાયેલ જુની શરતની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૦૩-૩૫ વાળી જમીનના માલીક ધર્મેન્દ્રસિંહ ભીમસિંહ મહીડા પાસેથી હમારા અસીલ વેચાણ લેનાર છે. જેથી આ જમીનમાં કોઈ પણ શખ્સ,યા સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર,દાવો લાગ ભાગ ખોરાકી,પોશાકી,લીયન,બોજો,સાટાખત,બાનાખત ઈઝમેન્ટ વિગેરેના હકકો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ માં હમોને જાણ કરવી અને એ મુદત સુધીમાં કોઈપણ જાણ કરવામાં ન આવશે તો તેવા હકકો તેઓએ છોડી દીધેલા છે. એમ માની હમારા અસીલ સદરહુ જમીનના માલીકો પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાને નોધ લેવી. તા.૨૦/૦૩/૨૦૨૬

સોહેલ એસ. નુર - એડવોકેટ
ઓફીસ :- વિજય ઝેરોક્ષની સામે, મોસાલી મેઈન બજાર, મોસાલી
તા.માંગરોલ જી.સુરત મો.નં.૯૯૭૯૬૩૧૫૨૫

જાહેર નોટિસ — **વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**
નં.એમએજી/જ.મ.પ./રજી.નં.૧૮/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ જી.સુરત તા.૧૮/૩/૨૦૨૬
વાદી: દિલીપકુમાર પરસોતમભાઈ ભક્ત, રહે. વાવ, દેસાઈ ફળીયુ, તા.કામરેજ, જી.સુરત
વિરૂધ્ધ
સામાવાળા : મામલતદારશ્રી કામરેજ, તા.કામરેજ, જી.સુરત
વિષય :- જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી દિલીપકુમાર પરસોતમભાઈ ભક્તનું જન્મ તા.13/02/1956 ના રોજ વાવ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાચદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૨૯/૦૪/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.
આજ રોજ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
હુકમથી:-
(વી.કે.પીપળીયા) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
કામરેજ પ્રાંત, કામરેજ
કોર્ટનો સિક્કો

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૪૪/૨૦૨૬
તા.૧૧/૦૩/૨૦૨૬
વાદી :- રેહાનાબીબી અબ્દુલખાલેક મલેક તે હનીફભાઈ મલેકની પત્ની, રહે.રંગ અવધુત વિભાગ-૨, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રેહાનાબીબી અબ્દુલખાલેક મલેક તે હનીફભાઈ મલેકની પત્ની, રહે.રંગ અવધુત વિભાગ-૨, રાંદેર, સુરત-૩૯૫૦૦૫એ તેઓના પોતે રેહાનાબીબી અબ્દુલખાલેક મલેકનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રેહાનાબીબી અબ્દુલખાલેક મલેક ૨. જન્મ તારીખ: ૦૪/૦૬/૧૯૪૧ ૩. જન્મનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે રેહાનાબીબી અબ્દુલખાલેક મલેકના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત
કોર્ટનો સિક્કો

નોટીસ — **સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ વ્યારાની કોર્ટમાં**
ક્રમાંક:એમએજી/જન્મ-મરણ/કેસ નં.૨૫૩/૨૦૨૨/વશી, ૧૮૯૯-૨૦/૨૦૨૪,
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ વ્યારાની કચેરી, બ્લોક નં. ૩, ૧લો માળ, વ્યારા, જિ. તાપી તા. ૧૬/૦૫/૨૦૨૪
અરજદાર:- જીતેન્દ્રભાઈ પ્રવિણભાઈ ચૌધરી, રહે. કેળકુઇ, નદી ફળીયું, તા.વ્યારા, જિ. તાપી
વિરૂધ્ધ
સામાવાળા :- રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત, કેળકુઇ, તા.વ્યારા, જિ.તાપી
વિષય :- જન્મ-મરણ નોંધણી કેસ નં. ૨૫૩/૨૦૨૨ ના કામે હાજર રહેવા બાબત
ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, બાબરભાઈ માનાભાઈ ચૌધરીના મરણની તા. ૨૩/૦૪/૨૦૦૧ ના રોજ નોંધણી કરવા બાબતનો કેસ અત્રે નોંધાયેલ છે. જે કેસની સુનાવણી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ વ્યારાની કચેરી બ્લોક નં. ૩. ૧લો માળ, જીલ્લા સેવા સદન, પાનવાડી, વ્યારા ખાતે તા. ૦૬/૦૬/૨૦૨૪ ના રોજ બપોરે ૧૦:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તો આ બાબતે આપ અથવા કુલમુખત્યાર મારફત જે કંઈ કહેવાનું હોય તે રૂબરૂ આપના વર્ગ નીચે મુજબના આધાર પુરાવા સહ હાજર રહેશો. (૧) તલાટી કમ મંત્રીશ્રી રૂબરૂ પંચક્યાસ જાવક નંબર સાથે, (૨) તલાટી કમ મંત્રીશ્રી રૂબરૂ પેઢીનામું જાવક નંબર સાથે, (૩) તલાટી કમ મંત્રીશ્રી રૂબરૂ રોજકામ અને "ના વાંધા પ્રમાણપત્ર", (૪) જાહેર નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવેલ હોય તે અખબાર રજુ કરવુ., (૫) જન્મ/મરણ નોંધણી વર્ષ અને આગળ પાછળના -કુલ ત્રણ વર્ષના નોંધણી રજીસ્ટરની નકલ
જો તેમ કરવામાં કસુર થશે તો આ બાબતમાં કંઇ રજુઆત કરવા માંગતા નથી એમ માની જન્મ-મરણ નોંધણી અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ વ્યારા
જિ. તાપી
કોર્ટનો સિક્કો

જાહેર નોટિસ — **મહેરબાન હાંસોટ તાલુકાના પ્રિન્સીપલ જજ સાહેબની કોર્ટમાં**
વારસા અરજી નંબર : ૦૧/૨૦૨૬
અરજદાર - નટવરભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ
ઉ.વા. - ૫૫, ધંધો - ખેતી,ધર્મ - હિન્દુ
રહે - શનિપાર્ક સોસાયટી, તરસાડી, તા. - માંગરોળ,
જી. - સુરત.
વિરૂધ્ધ
સામાવાળા : જાહેર જનતા (કોઇ નહીં)
ધી ઇન્ડીયન સકસેશન એક્ટ હેઠળ વારસા સર્ટીફીકેટ મેળવવા બાબત.
આથી જાહેર નોટિસથી લગતા વળગતા તમામને આ નોટિસથી ખબર આપવાની કે કે, અરજદારે ઉપરોક્ત મુકામે રહી તેઓના ગુજરનાર ભાઇ ઠાકોરભાઇ ડાહ્યાભાઇ પ્રજાપતિ જેમનું તા. ૨૭/૦૬/૨૦૨૫ ના રોજ શની પાર્ક સોસાયટી તરસાડી કોસંબા ખાતે અવસાન થયેલ છે.તેમના પ્રગતિ ગ્લાસ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી કંપનીમાં યુ.એન.એ ખાતા નં ૧૦૩૬૦૫૨૬૬૬૨ વાળા પ્રોવિડંટ ફંડ (પી.એફ.) ખાતામાં જમા રકમ આશરે રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે બે લાખ પુરા) પી.એફ.ખાતમાં જમા છે. જે રકમનો ઉપાડ કરવા માટે અરજદારે વારસાઇ અધિનિયમ ની કલમ-૩૭૨ મુજબ વારસાઇ પ્રમાણપત્ર મેળવવા કોર્ટ સમક્ષ